# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 24-05-2025 Day: Saturday Morning : 6.50 to 6.55 am**

આકાશવાણી ભુજ સમાચાર **આશુતોષ અંતાણી** વાંચે છે.

---

## પ્રધાનમંત્રી-નિતિ આયોગ:

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે નવી દિલ્હી ખાતે નિતી આયોગની 10મી બેઠકની અધ્યક્ષતા કરશે. આ વર્ષ માટેની વિષય વસ્તુ વર્ષ 2047માં વિકસિત ભારત માટે વિકસીત રાજ્ય છે.

---------------------------------------------------------------------------------------------

## પ્રધાનમંત્રી-રાઈઝિંગ નોર્થ- સમિટ:

**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું, 'આતંકવાદ હોય કે પછી અશાંતિ ફેલાવનારા માઓવાદીઓ, અમારી સરકાર શૂન્ય સહિષ્ણુતાની નીતિ પર ચાલે છે.'**

**નવી દિલ્હીમાં ગઈકાલે બે દિવસના રાઈઝિંગ નોર્થ-ઇસ્ટ ઇન્વેસ્ટર સમિટનું ઉદ્ઘાટન કરતાં શ્રી મોદીએ કહ્યું, 'વિકસિત ભારતના નિર્માણ માટે દેશના ઉત્તર-પૂર્વ ક્ષેત્રનો વિકાસ ખૂબ જરૂરી છે.**

---------------------------------------------------------------------------------------------

## કેન્દ્રીય ગૃહમંત્રી-BSF-:

**કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કહ્યું, 'ઑપરેશન સિંદૂર"માં સરહદ સુરક્ષા દળ- BSF અને ભારતીય સેનાએ સમગ્ર વિશ્વ સમક્ષ બહાદુરીનું અનોખું ઉદાહરણ પૂરું પાડ્યું છે. તેમણે કહ્યું, 'ઑપરેશન સિંદૂર' ભારતની ધરતી પર આતંકી હુમલાના જવાબમાં ઇતિહાસનું સૌથી સચોટ**

**અને સફળ ઑપરેશન છે અને તેણે તમામ ઉદ્દેશને પૂર્ણ કર્યા છે. શ્રી શાહે ઉમેર્યું, ઑપરેશન સિંદૂરે સમગ્ર વિશ્વ સમક્ષ પાકિસ્તાન અને આતંકવાદ વચ્ચેનાં સંબંધને ઉજાગર કર્યા છે.**

---

## મુખ્યમંત્રી-દિલ્હી:

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ ત્રણ દિવસ દિલ્હીની મુલાકાતે રહેશે. શ્રી પટેલ આજે યોજાનારી નીતિ આયોગની બેઠકમાં ઉપસ્થિત રહેશે. તેમાં તેઓ રાજ્યના વિકાસકામ તેમજ ગુડ ગવર્નન્સ સંબંધિત મુદ્દાઓની પ્રસ્તૂતિ કરશે.

મુલાકાત દરમિયાન શ્રી પટેલ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી, કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ અને ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જે. પી. નડ્ડા સાથે પણ મહત્વની બેઠક કરશે. ઉપરાંત તેઓ ભાજપશાસિત રાજ્યોના મુખ્યમંત્રીઓની યોજાનારી બેઠકમાં પણ ઉપસ્થિત રહેશે.

---

## મુખ્યમંત્રી-એડવેન્ચર ફેસ્ટ:

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ધરોઈ બંધ ખાતે દેશના સૌથી લાંબા તેમજ રાજ્યના પ્રથમ ‘ધરોઈ એડવેન્ચર ફેસ્ટ’નો શુભારંભ કરાવ્યો. તેમણે એડવેન્ચર ઝોનનું પણ ઉદઘાટન કર્યુ હતું.  આ પ્રસંગે શ્રી પટેલે સ્પીડ બોટ રાઈડનો આનંદ પણ માણ્યો હતો. તેમણે પ્રવાસન મંત્રી મૂળુભાઈ બેરા સાથે એડવેન્ચર ઍક્ટિવિટી સ્થળની મુલાકાત લીધી. 45 દિવસ સુધી ચાલનારા આ એડવેન્ચર ફેસ્ટમાં પાવર બોટ, પેરાસેઇલિંગ, રોક ક્લાઈમિંગ, બોલ્ડરિંગ, ટ્રેકિંગ અને હાઈકિંગ ટ્રેલ્સ, માઉન્ટેન બાઈકિંગ, સાઈકલિંગ, કેમ્પિન્ગ સહિતની 10 એડવેન્ચર એક્ટિવિટીઝ આકર્ષણ જમાવશે.

આ પ્રવાસ દરમિયાન શ્રી પટેલે રાજ્યના કેટલાક પ્રતિભાશાળી યુવાનો સાથે વાતચીત પણ કરી હતી.

---

## રાજ્ય-શહેરી વિકાસ વર્ષ :

રાજ્ય સરકાર દ્વારા આ વર્ષને 'શહેરી વિકાસ વર્ષ' તરીકે ઉજવવાની જાહેરાત કરવામાં આવી છે. રાજ્યની શહેરી વિકાસયાત્રાને 20 વર્ષ પૂર્ણ થયા છે. ત્યારે ગત ત્રણ વર્ષમાં રાજ્યમાં અંદાજે 225 ટાઉન પ્લાનિંગ સ્કીમ મંજૂર કરાતા શહેરીકરણને વેગ મળ્યો છે. બીજી તરફ, પ્રધાનમંત્રી આવાસ યોજના શહેરી હેઠળ શહેરી વિસ્તારોમાં આઠ લાખ 96 હજાર આવાસનું નિર્માણ કરાયું હોવાનું સત્તાવાર યાદીમાં જણાવાયું છે.

---

## પ્રધાનમંત્રી-મન કી બાત:

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આ રવિવારે આકાશવાણી પરથી પ્રસારિત થનારા 'મન કી બાત' કાર્યક્રમમાં દેશ-વિદેશના લોકો સમક્ષ પોતાના વિચાર રજૂ કરશે. આ માસિક રેડિઓ કાર્યક્રમની 122-મી કડી હશે.

---

## રાજ્ય-પોરબંદર –માછીમારો:

અરબી સમુદ્રમાં હવાનું હળવુ દબાણ સર્જાતા પોરબંદર જિલ્લામાં વરસાદ કે વાવાઝોડાની શકયતાને જોતા સમુદ્રમાં માછીમારી કરવા ગયેલા માછીમારોને પરત બોલાવવામાં આવ્યા છે તેમજ 24 કલાક ડીઝાસ્ટર કન્ટ્રોલરૂપ સ્થાપિત કરી દરિયા કીનારાના 28 ગામોને સચેત કરવામાં આવી રહ્યા છે.જિલ્લાની નગરપાલિકા, મહાનગરપાલિકા વિસ્તારમાં મામલતદાર સહિત સૌને એલર્ટ રખાયા છે.

---

## રાજ્ય-હવામાન:

આગામી 5 દિવસમાં રાજ્યમાં કેટલાક વિસ્તારોમાં કમોસમી વરસાદ આગાહી છે. આગામી 2 દિવસ અલગ અલગ વિસ્તારોમાં હળવો વરસાદની સાથે ઓરેન્જ એલર્ટ તેમજ તેના પછીના 2 દિવસમાં વરસાદનું યલો એલર્ટ અપાયું છે. અરબી સમુદ્રમાં સર્જાયેલું

વૉલમાર્ક લો પ્રેશર આગામી 24 કલાકમાં ડિપ્રેશનમાં પરિવર્તિત થશે, એમ હવામાન વિભાગના નિયામક ડૉ.એ.કે. દાસે જણાવ્યું હતું.

---

## ક્રિકેટ-આઈ.પી.એલ-2025:

આઈ.પી.એલ ટી.-20 ક્રિકેટ સ્પર્ધામાં ગઈકાલે સનરાઈઝર્સ હૈદરાબાદની ટીમે રોયલ ચેલેન્જર્સ બેંગલુરૂની ટીમને 42 રનથી પરાજીત કરી. સનરાઈઝર્સ હૈદરાબાદની ટીમે આપેલા 232 રનના લક્ષ્યાંક સામે રોયલ ચેલેન્જર્સ બેંગલુરૂની ટીમ 189 રન સુધી સિમિત રહી હતી.આજે પંજાબ કિંગ્સ ઈલેવન અને દિલ્હી કેપિટલ વચ્ચે મેચ રમાશે.

---